

“સ્વજનો ને તબિયતની બાબતમાં એ ગોઝારૂ છે, બીજી બધી બાબતોમાં આપનું આખું વરસ સારું છે”

વિક્રમ સંવત ૨૦૮૩ આપના માટે એકંદરે પ્રગતિ, પરિવર્તન અને નવી તકોનું વર્ષ બની શકે છે. નોકરી-વ્યવસાયમાં આગળ વધવાની તક, આવકમાં સુધારો અને સંતાનને લગતી ચિંતામાં રાહત વર્ષના સકારાત્મક પાસાં રહેશે. જો કે આરોગ્ય, ભાગીદારી અને રોકાણના મામલે ઉતાવળ ટાળવી જરૂરી રહેશે.

માનસિક સ્થિતિ : ચિંતાનાં વાદળો વચ્ચે આત્મવિશ્વાસનો ઉદય

વર્ષના પ્રારંભમાં અધૂરાં કામ, પરિવારની જવાબદારી અને ભવિષ્યના આયોજનને કારણે મન થોડું વ્યસ્ત રહે. એકસાથે અનેક વિચારો ચાલવાથી નિર્ણય લેવામાં દ્વિધા અનુભવાય, પરંતુ સમય જતાં આત્મવિશ્વાસ વધશે. **નાની બાબતોને મન પર ન લેવાથી માનસિક શાંતિ જળવાશે.** ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિ તરફ ઝોક વધે.

આરોગ્ય : જૂના રોગો સામે સાવચેતી જરૂરી

આરોગ્યની દૃષ્ટિએ વર્ષ મધ્યમથી સારું રહેશે. પાચનતંત્ર, બ્લડપ્રેશર, ડાયાબિટીસ, કમર-સાંધા તથા તણાવજન્ય તકલીફો પ્રત્યે બેદરકારી ન રાખવી. જૂની બીમારી હોય તો નિયમિત સારવાર ચાલુ રાખવી. વર્ષના ઉત્તરાર્ધમાં આરોગ્યમાં રાહત અને પાછળથી સુધારાના સંકેત છે. ગુરુનો દસમા-અગિયારમા સ્થાનનો ગોચર એકંદરે માનસિક ઉત્સાહ અને સ્વાસ્થ્ય સુધારવામાં સહાયક રહેશે. વર્ષની શરૂઆતથી બીજી જૂન સુધી છઠ્ઠા સ્થાનનો શનિ જૂના રોગ સામે લડવાની શક્તિ આપશે. બીજી જૂન ૨૦૨૭ પછી **શનિ સાતમા સ્થાને તથા રાહુ ચોથા સ્થાને હોવાથી તણાવ, થાક અને જીવનશૈલીજન્ય તકલીફો પ્રત્યે વિશેષ સાવચેતી રાખવી.**

ધંધો-વ્યવસાય : નવી તકો સાથે પ્રગતિનાં દ્વાર ખૂલશે

વેપારીઓ અને સ્વરોજગાર કરતાં જાતકો માટે વર્ષ પ્રગતિશીલ રહે. નવા ગ્રાહકો અને સંપર્કોથી વ્યવસાય વધે. નવી એજન્સી, ડીલરશિપ કે પ્રોજેક્ટ હાથ ધરવાની તક મળે. જૂનું અટવાયેલું પેમેન્ટ છૂટું થઈ શકે. **ભાગીદારીના ધંધામાં નાણાકીય વ્યવહાર પારદર્શક રાખવો અને મોટું રોકાણ કરતાં પહેલાં દસ્તાવેજો તપાસવા.**

નોકરી : બઢતી અને પ્રતિષ્ઠાના યોગ સર્જાશે

નોકરિયાત વર્ગ માટે જવાબદારી સાથે પ્રતિષ્ઠા પણ વધે. પ્રમોશન, ઇન્ક્રિમેન્ટ અથવા વધુ સારી જગ્યાએ પરિવર્તનની તક મળે. નવી નોકરી શોધતા લોકોને સફળતા મળી શકે. **ઉચ્ચ અધિકારીઓ સાથે મતભેદ ટાળવા. તમારી કાર્યક્ષમતા અને અનુભવની નોંધ લેવાય.**

નાણાકીય સ્થિતિ : આવક વધશે, ખર્ચ ઉપર અંકુશ રાખજો

નિયમિત આવક ઉપરાંત અન્ય સ્રોતથી લાભ મળવાની શક્યતા છે. જૂનું અટવાયેલું પેમેન્ટ, મિલકત અથવા રોકાણમાંથી નાણાં મળી શકે. સાથે ઘર, વાહન, સંતાન, પ્રવાસ કે શુભ પ્રસંગ પાછળ ખર્ચ પણ વધે. તેથી આવક સારી હોવા છતાં બચતનું આયોજન રાખવું. ગુરુ દસમા અને અગિયારમા સ્થાનમાં ભ્રમણ કરતો હોવાથી આવક, વ્યાવસાયિક લાભ અને અટવાયેલાં નાણાંની બાબતમાં અનુકૂળતા વધશે. **રાહુના**



ચોથા સ્થાનના ગોચરથી ઘર-મિલકત કે વાહન પાછળ અચાનક ખર્ચ થઈ શકે, જ્યારે શનિનો પ્રભાવ બિનજરૂરી દેવું અને જોખમી નાણાંકીય નિર્ણયો ટાળવાની સલાહ આપે છે.

પારિવારિક અને પ્રેમસંબંધો : સંતાનસુખ સાથે સંબંધોમાં મધુરતા વધશે

પરિવારમાં એકંદરે સુમેળ રહેશે. સંતાનના અભ્યાસ, આરોગ્ય, કારકિર્દી કે લગ્નને લગતી ચિંતા હળવી થાય. અવિવાહિત સંતાન માટે લગ્નની વાત આગળ વધી શકે. પતિ-પત્નીએ નાની બાબતમાં અહંકાર ટાળવો. પ્રેમસંબંધોમાં ગેરસમજ સ્પષ્ટ વાતચીતથી દૂર થઈ શકે. **લગ્ન ઇચ્છુક યુવક-યુવતીઓ માટે વર્ષ આશાસ્પદ છે.**

શિક્ષણ : મહેનતનાં મીઠાં ફળ મળવાના યોગ

વિદ્યાર્થીઓ માટે મહેનતનું ફળ આપનારું વર્ષ રહેશે. શરૂઆતમાં એકાગ્રતામાં ઘટાડો કે વિષય પસંદગી અંગે ગૂંચવણ થઈ શકે, પરંતુ આયોજનબદ્ધ અભ્યાસથી સારું પરિણામ મળે. સ્પર્ધાત્મક પરીક્ષા અને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ બને. **વિદેશ અભ્યાસના પ્રયત્નોમાં થોડા વિલંબ પછી સફળતા મળી શકે.**

કોર્ટ-કચેરીના મામલા : કાનૂની વિવાદોમાં રાહતનો માર્ગ ખૂલશે

લાંબા સમયથી ચાલતા કોર્ટ કેસ કે કાનૂની વિવાદમાં પ્રગતિ થાય. કેટલાક મામલામાં સમાધાનનો માર્ગ પણ નીકળી શકે. શનિનો પ્રભાવ વિરોધીઓ સામે ટકી રહેવાની શક્તિ આપશે. **દસ્તાવેજ, પુરાવા અને કાયદાકીય સમયમર્યાદાની ખાસ કાળજી રાખવી.**

સરકારી કામકાજ : અટવાયેલાં કામોમાં સફળતાના સંકેત મળશે

સરકારી કચેરી, લાઇસન્સ, પરમિશન, ટેક્સ, જમીન-મિલકત કે અન્ય વહીવટી કામમાં શરૂઆતમાં વિલંબ છતાં સતત અનુસરણથી સફળતા મળે. અટવાયેલી સરકારી મંજૂરી કે પેન્ડિંગ ફાઇલને ગતિ મળી શકે. **અધિકારીઓ સાથે વ્યવહારમાં સંયમ રાખવો.**

પ્રવાસ : ધાર્મિક અને વિદેશ પ્રવાસના યોગ

વ્યવસાયિક, ધાર્મિક અને પારિવારિક પ્રવાસના યોગ રહેશે. નોકરી કે વ્યવસાય માટે લાંબા અંતરના પ્રવાસ થાય. વિદેશ પ્રવાસ અથવા વિદેશ સાથે જોડાયેલા કામની તક પણ ઊભી થઈ શકે. પ્રવાસ વખતે આરોગ્ય અને ખર્ચનું આગોતરું આયોજન કરવું.

સ્ટોક માર્કેટ અને રોકાણ : નફાની તકો વચ્ચે સાવચેતી જરૂરી

શેરબજારમાં લાભની તક રહેશે, પરંતુ ઝડપથી મોટો નફો મેળવવાની લાલચ નુકસાન કરાવી શકે. અફવા કે ટિપ્સના આધારે મોટું રોકાણ ન કરવું. સારી ગુણવત્તાવાળી કંપનીઓ અને લાંબા ગાળાનો અભિગમ વધુ યોગ્ય રહેશે. સારો પ્રોફિટ મળે ત્યારે તેનો અમુક ભાગ સમયસર બુક કરવો હિતાવહ રહેશે.

(શીર્ષક પંક્તિ : ડૉ. મુકુલ ચોકસી)

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● ગુરુની અસર: સંવત ૨૦૮૩ના પ્રારંભે ગુરુ સિંહ રાશિમાં રહેશે. ૨૫ જાન્યુઆરી ૨૦૨૭ આસપાસ વક્રી ગતિએ કર્કમાં અને ૨૬ જૂન ૨૦૨૭ આસપાસ ફરી સિંહ રાશિમાં પ્રવેશ કરશે. તુલાથી કર્ક દસમું અને સિંહ અગિયારમું સ્થાન બને છે. **દસમા સ્થાનનો ગુરુ કારકિર્દી અને પ્રતિષ્ઠાને ગતિ આપે,** જ્યારે અગિયારમા સ્થાનનો ગુરુ આવક, લાભ, નવા સંપર્કો અને ઇચ્છાપૂર્તિ માટે વિશેષ અનુકૂળ ગણાય.

● **શનિની અસર :** વર્ષના પ્રારંભે શનિ મીન રાશિમાં તુલાથી છઠ્ઠા સ્થાને રહેશે. જૂન ૨૦૨૭ના પ્રારંભમાં શનિ મેષ રાશિમાં પ્રવેશ કરશે. **છઠ્ઠા સ્થાનનો શનિ રોગ, દેવું, વિરોધીઓ, સ્પર્ધા અને કોર્ટ-કચેરીના મામલામાં મહેનત પછી સફળતા આપી શકે.** મેષમાં આવ્યા પછી શનિ તુલાથી સાતમા સ્થાને આવશે. તેથી લગ્નજીવન, ભાગીદારી અને વ્યાવસાયિક સંબંધોમાં ધીરજ તથા સમજદારી રાખવી જરૂરી બનશે.

● **રાહુની અસર :** ડિસેમ્બર ૨૦૨૬ના પ્રથમ સપ્તાહમાં રાહુ કુંભમાંથી મકર રાશિમાં પ્રવેશ કરશે. મકર તુલાથી ચોથું સ્થાન છે. આ ગોચર ઘર, મિલકત, વાહન અને માનસિક શાંતિના વિષયોમાં પરિવર્તન લાવી શકે. ઘર કે વાહન બદલવાની ઇચ્છા થાય. મિલકતના દસ્તાવેજોમાં ખાસ સાવચેતી રાખવી અને માતાના આરોગ્યનું ધ્યાન રાખવું. મનમાં અકારણ ચિંતા વધે. **મોટા નિર્ણયો ઉતાવળમાં લેવાને બદલે સંપૂર્ણ વિચાર અને તપાસ પછી લેવા.**